Non-Transferable

# દુકાન હરાજી ટેન્ડર

ફોર્મ ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૨૫/૦૧/૨૦૨૬ ( સમય: ૧૮.૦૦ કલાક સુધી) કિંમત રૂ.૧,૦૦૦/

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

"વુડા ભવન" એલ એન્ડ ટી સર્કલ પાસે વડોદરા-૧૮ કારેલીબાગ,વી.આઈ.પી રોડ
ફોન નં;-૦૨૬૫-૨૪૬૬૭૧૦/૧૫/૧૭.e mail:-cea_vuda@yahoo.com
Website:-www.vuda.co.in

GOVERNMENT OF GUJARAT

---

અરજદારનું નામ:- ____________________

સરનામું:- ____________________

____________________

આધારકાર્ડ નં ____________________

મોબાઈલ નં:-____________________

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,

વડોદરા-૩૯૦૦૧૮.

**વિષય**:- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની મોજે ખટંબા દુકાનો અને ઓફિસો, ભાયલી ટીપી- 3 એફ.પી-૧૧૨ અને એફ.પી-૧૧૪, આવાસ શોપીંગ સેન્ટરમાં વુડા દ્વારા નિર્મિત દુકાનોની જાહેર હરાજીમાં ભાગ લેવા બાબત

મે,સાહેબશ્રી,

આપની તારીખ:________ ના વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ (મોજે _____ ટીપી સ્કીમ નં. ) એફ.પી નં સરનામાવાળી ) સત્તામંડળ હસ્તકની દુકાન/દુકાનો માટેની જાહેર હરાજીની જાહેરાત અન્વયે જાહેર હરાજીની શરતો અને બોલીઓ મે વાંચેલ છે. અને સમજેલ છે. જે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે. ઉપર જણાવ્યા પ્રમાણેની દુકાનોની હરાજીમાં ભાગ લેવા માટે નીચે મુજબ મે મારી રકમ ભરપાઈ કરેલ છે.

આપનો આભારી

સ્થળ :-____________

તારીખ:-____________

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની મોજે ખટંબા દુકાનો અને ઓફિસો ભાયલી ટીપી-૩ એફ.પી-૧૧૨ અને એફ.પી-૧૧૪, આવાસ શોપીંગ સેન્ટરમાં નિર્મિત દુકાનોની વેચાણ અંગેના ટેન્ડર-કમ-હરાજીની શરતો અને બોલીઓ.

(૧) જે અરજદાર હરાજીમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ ડિપોઝીટ રકમ ઓનલાઈન ભરવાની રહેશે. તા.૦૩/૦૧/૨૦૨૬ થી તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં (n)code ની વેબસાઇટ:http://e-auction.nprocure.com પરથી ભરવાનું રહેશે. અંતિમ તારીખ અને સમયબાદ રજીસ્ટ્રેશન થઇ શકશે નહી.

(૨) દુકાન દીઠ અલગ-અલગ ફોર્મ ભરવાનું રહેશે.

(૩) મહત્તમ બોલી બોલનારે દુકાનની કુલ રકમની ૧૦ ટકા રકમ સત્તામંડળના લેટર ઓફ ઈન્ટિમેશન (LOI) ની તારીખથી દિન (૧૦) દસમાં પે ઓર્ડર/બેરર ચેક/ડ્રાફ્ટ થી સત્તામંડળની હિસાબી શાખામાં જમા કરાવવાની રહેશે.

(૪) મહત્તમ બોલી બોલનારે બાકીની પુરેપુરી રકમ સત્તામંડળની કચેરીમાં રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર/બેન્કર્સ ચેકથી લેટર ઓફ ઈન્ટિમેશન (LOI)ની તારીખથી દિન-૯૦(નેવું)માં જમા કરાવવાની રહેશે, સિવાય કે સત્તામંડળની મંજૂરીથી ખાસ કારણોસર ભરવાની થતી રકમની તારીખ લંબાવે તો વધારાના દિવસો માટે બાકી રહેતી રકમ પર માસિક ૧ ટકા લેખે વ્યાજ ચુકવવાનું રહેશે પરંતુ વધારાની મુદ્દત લેટર ઓફ ઈન્ટિમેશન (LOI)ની તારીખથી ૧૮૦ દિવસથી વધુ રહેશે નહી. જે અંગેનો સત્તામંડળને નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૫) ઉપરોક્ત સમયમાં ભરવા પાત્ર રકમ ભરવામાં ચૂક થયેથી ડિપોઝીટની રકમ સત્તામંડળમાં જપ્ત કરવામાં આવશે. તથા મિલ્કત ફાળવણી રદ કરવામાં આવશે તેમજ તે અથવા તે પૈકીના તમામ ભાગનો સત્તામંડળ દ્વારા નિકાલ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૬) હરાજીમાં અસફળ રહેલ અરજદારની ડિપોઝીટની રકમ હરાજી પુરી થયાના દિન-૪૫ (પિસ્તાલીસ) માં વગર વ્યાજે પરત કરવાપાત્ર રહેશે. જ્યારે હરાજીમાં સફળ થનાર ટેન્ડરની ડિપોઝીટની રકમ દુકાનની ખરીદ કિમત પેટે મજરે ગણવામાં આવશે.

(૭) દુકાનોના બાંધકામની જાળવણી, મેન્ટેનન્સ ખર્ચ, તથા તે અંગેના તમામ ટેક્ષ, સર્વિસ ચાર્જ, જમીન મહેસુલ તથા સરકારી/ અર્ધસરકારી/ કરવેરા, ચાર્જ દર વગેરે જે તે દુકાન હરાજીમાં રાખનારે દુકાન ફાળવ્યા તારીખથી ભોગવવાના રહેશે. તેની નોંધણી કરાવવા, મહોર લગાડવા, વેચાણ ખત કમ લીઝ તૈયાર કરવા નકલો કઢાવવાના ખર્ચાઓ તથા આકસ્મીક કે પ્રાસંગિક ખર્ચાઓ વેચાણ રાખનારે ભોગવવાના રહેશે. વધુમાં અન્ય કોઇ સક્ષમ સત્તાધિકારી દ્વારા વસુલાતને પાત્ર થતી સ્થાવર મિલકતની તબદીલી અંગેની ડયુટી તથા તે અંગેના તમામ આનુષાંગિક ખર્ચ પણ વેચાણથી લેનારે ભરવાનો રહેશે.

(૮) દુકાન રાખનાર ગુનાહિત અથવા વિસ્ફોટક પદાર્થો રાખી શકશે નહી કે વેચાણ કરી શકશે નહીં.

(૯) ડિપોઝીટ ભરેલ અરજદાર જે દુકાનો માટે ડિપોઝીટ ભરેલ હશે. તે દુકાનોની હરાજી પૂર્ણ થાય ત્યાં સુધી ભાગ લઈ શકશે.

(૧૦) હરાજીમાં તળીયાની કિંમત ઉપર રૂ. ૧૦,૦૦૦/- અથવા ૧૦,૦૦૦/- થી વધુના ગુણાંકમાં ઓનલાઈન બીડ ભરવાની રહેશે.

(૧૧) કોઇપણ એક કે તમામ દુકાનોની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી તે સંબંધી માન. મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ સત્તામંડળનો નિર્ણય આખરી અને તમામને બંધનકતાં રહેશે. જે તે દુકાન માટે સત્તામંડળને મળેલ સૌથી ઉંચી બોલીની કિંમતે નિકાલ કરવો કે નહીં? તે માટે સત્તામંડળનો અધિકાર અબાધિત રહેશે અને તે માન્ય રાખવાનો રહેશે.

(૧૨) અરજદાર ગુજરાતનો ડોમીસાઈલ હોવો જોઈએ અથવા ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કરતાં હોવા જોઈએ અને જેના પુરાવા ફાળવણી મળ્યેથી રજૂ કરવાના રહેશે.
ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના ના લાભાર્થી અથવા સરકારશ્રીની આર્થિક સહાય બાબતે કોઈ પણ પ્રકારની સહાય લીધેલ હોય તેવો અરજદાર પણ  દુકાન/ઓફીસની ઓનલાઈન હરાજીમાં ભાગ લઇ શકશે નહિ.

(૧૩) જે બીડર દ્વારા બીડ કરેલ હશે તે બીડરના નામે જ દુકાનની ફાળવણી તે બીડરના નામે જ કરવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા પાત્ર રહેશે નહી.

(૧૪) સત્તામંડળ દ્વારા નિયત થયેલ તમામ શરતો દુકાનદાર/વેચાણ લેનારને માટે બંધનકતી રહેશે. ફાળવણી અંગેની નિતિ નિયમો ધોરણો વિગેરે સંપૂર્ણપણે સત્તામંડળના નિર્ણયને આધીન રહેશે અને તે સંબંધે સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. અને તમામને બંધનકર્તા રહેશે.

(૧૫) ઓનલાઈન  હરાજી દરમ્યાન કોઇપણ જાતની ગેરવર્તણક તથા હરાજીના નિયમોનો ભંગ થયેથી ડિપોઝીટ જપ્ત થવા પાત્ર રહેશે. આ બાબતે સક્ષમ સત્તાઅધિકારીશ્રીનો નિર્ણય આખરી અને બંધનકતા રહેશે.

(૧૬) ઓનલાઈન હરાજી પ્રક્રિયા દરમ્યાન કોઇ ખાસ પ્રશ્ન ઉપસ્થિત થયેથી તે અંગેનો નિકાલ મુખ્ય કારોબારી અધિકારીશ્રી/સત્તામંડળના નિર્ણયને આધિન આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૭) સત્તામંડળના અધિકારી કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે કોઇપણ દુકાનની હરાજીની કાર્યવાહી પાછી ખેંચી શકશે કે સ્થગિત કરી શકશે.

(૧૮) હરાજીમાં સફળ થનારને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કોઇ કારણસર દુકાન તબદીલ કરી શકાય નહી, તેવા સંજોગો ઉદ્દભવે ત્યારે સીક્યોરીટી ડીપોઝીટનાં નાણાં વિના વ્યાજે પરત કરવામાં આવશે.આ અંગેની શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. અન્ય કોઇ કારણસર આ દુકાનની તબદીલી મંજુર કરવામાં નહીં આવશે તો અરજદારે અનામત મુકેલ રકમ અથવા ફાળવણીની રકમ વિના વ્યાજે સત્તામંડળ દ્વારા પરત કરવામાં આવશે.

(૧૯) આ દુકાન સત્તામંડળની પૂર્વ મંજૂરી સિવાય વેચાણ, બક્ષીસ, કે બીજી કોઇ રીતે તબદીલ કરી શકાશે નહીં કે અન્યને કબજો સોપી શકાશે નહીં કે રદ ન કરી શકાય તેવા કુલ મુખત્યારનામાં ધ્વારા તબદીલી કરી કબજો સોંપી શકાશે નહીં.

(૨૦) ઓનલાઈન હરાજી દરમ્યાન જે વ્યક્તિ સફળ થશે તેણે નોન ટ્રેડીંગ એસોસીયેશન અથવા તો સોસાયટી ના સભ્ય થવાનું ફરજીયાત રહેશે, અને તેને લગતા મેન્ટેનન્સ કે અન્ય સામુહિક સુવિધાના ખર્ચ વખતો વખત નક્કી થાય તે મુજબ આપવાનો રહેશે. જે માન્ય રાખવાના રહેશે.

(૨૧) હરાજીમાં રાખનાર દુકાનના માલિકને બે દુકાન મળે અને બંને દુકાનોમાં કોઇપણ જાતની તોડફોડ કરી ફેરફાર કરવા ઈચ્છે તો તે પુર્વે તે અંગેની પરવાનગી સત્તામંડળથી મેળવી લેવાની રહેશે અને સ્ટ્રકચરને કોઇપણ જાતનું નુકશાન થાય તેવી રીતનો કોઇ પણ ફેરફાર કરી શકાશે નહીં કે કરાવી શકાશે નહીં.

(૨૨) પાણી,ડ્રેનેજ,વીજળીના જોડાણ અંગેના ચાર્જ સંબધિત સંસ્થાઓને ભરવાની જવાબદારી ખરીદનારની રહેશે. આ ઉપરાંત દુકાનનો કબજો મળ્યાના વર્ષના શરૂઆતથી વખતોવખત ભરવાપાત્ર સર્વિસ ચાર્જ, એસોસીએશન ચાર્જ, મ્યુ.ટેક્ષ, વીજળીબીલ, એન.એ ચાર્જ , લોકલ ફંડ, શિક્ષણ ઉપકર તેમજ અન્ય વેરો જે તે સંસ્થાઓને બરોબાર ભરપાઈ કરવાના રહેશે.

(૨૩) અરજદારને ફાળવાયેલ દુકાન/ઓફીસ અંગે જી.ડી.સી.આર અન્વયે મળવાપાત્ર ઉપયોગ માટે સંસ્થાની પરવાનગી મેળવીને ઉપયોગ કરી શકાશે. તેમજ અરજદારે આ મિલકતમાં ધંધો શરૂ કરવા માટે પ્રવર્તમાન કાયદાનુસાર જે કોઈ પરવાનગી/મંજુરી લેવા પાત્ર થતી હશે તે સ્વખર્ચે મેળવવાની રહેશે. દુકાન/ઓફીસ ફાળવણી બાદ વ્યવસાહિક બાબતે અલાયદા ફાયરની NOC લેવાની થાય તો વેચાણે રાખનાર NOC વખતો વખત જરૂરી સુધારા વધારા સહ રીન્યુ કરાવવાની રહેશે.

(૨૪) દુકાનની આગળ કે પાછળ અને સાઈડમાં કોઇપણ જાતનું કાયમી/હંગામી બાંધકામ કરી શકશે નહીં.

(૨૫) કોમ્પલેક્ષના ટેરેસ ઉપર કોઇપણ જાતના ટાવર કે તેને લગતા સ્ટ્રક્ચર ઉભા કરી શકશે નહી. અને ટેરેસનો ઉપયોગ પોતાના અંગત હેતુ માટે કરી શકશે નહી.

(૨૬) કોઇપણ એક કે તમામ દુકાનોની ઓફર માન્ય રાખવી કે અમાન્ય રાખવી તે સંબંધી માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રી/સત્તામંડળ નો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

(૨૭) આ મિલ્કતનો નિકાલ જ્યાં છે, અને જેમ છે, તે ધોરણે કરવામાં આવશે.

(૨૮) આ અંગેનું ન્યાયક્ષેત્ર વડોદરાનું રહેશે.

(૨૯) ઉપર મુજબની શરતો અને બોલીઓમાં સંદિગ્ધતા જણાયે લેન્ડ ડિસ્પોઝલ પોલીસીમાં સમાવિષ્ટ હોય તે બાબતે પોલીસનું અર્થઘટન આખરી ગણાશે. તે સિવાયની બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ ચેરમેનશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

ઉપરની તમામ શરતો મે વાંચી, સમજી છે. મને/ અમોને માન્ય અને કબુલ મંજૂર છે. અને તે અંગે મારી/અમારી સંમતિ છે. જેની ખાતરી આપુ છુ. જે બદલ મે/ અમોએ નીચે સહી/ સંમતિ કરેલ છે./ આપેલ છે.

# List of documents to be submitted during the Registration for the E-Auction Account

## Mandatory

1. Filled scanned copy of Tender **Form**.
2. Certified copy of Permanent Account Number **(PAN)**
3. Certified copy of Aadhar card

**Note: - (1) Mandatory documents to be submitted during the Registration for the E-Auction Account.**

**(2) All bidders need to attach technical document for each auction latest by Date: - 25/01/2026 (Up to 18:00 hrs)**